ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગરને સમાન ફાળાની ગ્રાન્ટ ફાળવવા બાબત.
રૂ. ૭૫.૦૦ લાખ વર્ષ ૨૦૧૭-૧૮

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૩/ન.બા.૮/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૧૨/૨૦૧૭
29 DEC 2017

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃબીયુડી/૧૦૨૦૧૭/૧૬૪૩૧૬/બ.

(૨) એમ.ડી., ગુજરાત ગોપાલક વિકાસ નિગમનો તા. /૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ ગુગો/મકમ/૧૪૧૦૩/૨૦૧૭

ઠ રા વઃ-

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વંચાણે લીધેલા ક્રમાંક (૧) માં દર્શાવેલ આ વિભાગની બજેટ શાખાના ઠરાવથી વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં સમાન ફાળા ગ્રાન્ટ પેટે રૂ. ૭૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. આ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૭૫.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજૂરી આપવા વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના એમ.ડી. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના તા. /૧૨/૨૦૧૭ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૭૫.૦૦ લાખ ( અંકે રૂપિયા પંચોતેર લાખ પુરા )ની સમાન ફાળાની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં મંજુર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૪. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃ બીયુડી/૧૦૨૦૧૭/૧૬૪૩૧૬/બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા. ૧૦/૦૪/૨૦૧૭ ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર સક્ષમ અધિકારીની તા.૨૯/૧૨/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભાવિન પટેલ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૭